ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૩/૧૯–૨૦/2354 તારીખ : 24 JUN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી સગરામભાઈ શામળાભાઈ રબારી,
રહે.દુધઈ, તા.મૂળી,
જી.સુરેન્દ્રનગર–૩૬૩ ૫૧૦.
**મો.નં. ૯૮૨૫૦ ૨૩૦૮૩.**

કેસ નં.૧૩/૧૯–૨૦

**વિષય : ખેતીવાડી વીજ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૩/૦૪/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩/૧૯–૨૦/૧૪૬૦ તા.૧૨/૦૪/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩/૧૯–૨૦/૨૦૨૦ તા.૦૧/૦૬/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૬/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર - ૧૩/૧૯-૨૦** ☜

વાદી :- શ્રી સગરામભાઈ શામળાભાઈ રબારી

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ- ૧૧.૦૬.૨૦૧૯** ◈

હાજર રહયા :- ગેરહાજર

પ્રતિવાદી :- શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ-વતી)

શ્રી સગરામભાઈ શામળાભાઈ રબારી, રહે.દુધઈ, તા.મૂળી, જી.સુરેન્દ્રનગરની ખેતીવાડી વીજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૩/૧૯-૨૦/૧૪૬૦ તા.૧૨.૦૪.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૧.૦૬.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી તથા પ્રતિવાદી તરફે શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો મૂળી તાલુકાના દુધઈ ગામે રહીએ છીએ તેમજ ખેતી કરી અમારૂ તથા અમારા કુટુંબનું ભરણપોષણ કરીએ છીએ. અમોએ ગત તા.૨૦.૦૭.૧૫ ના રોજ ખેતીવાડી હેતુનું વીજ કનેકશન રસીદ નં.YR૮૭૩૩૭૨ થી માંગેલ હતું, જે હાલમાં મંજુર થયેલ હતું પરંતુ સદરહું અમારૂ કનેકશન પલાસા ગામની જમીનમાં મંજુર થયેલ હોય અને અમો રહેવાસી દુધઈ ગામના હોઈ, અંદાજપત્ર મળેલ ન હોય, અમોને જાણ થયેલ નથી.

૧.૨ તો અમો ગામડનાં અભણ અને અજ્ઞાન માણસો હોય, કોઈ જાણ થયેલ ન હોય, હાલમાં અમારા વિસ્તારને અછતગ્રસ્ત જાહેર કરેલ હોય, અમારૂ આ કનેકશન આપવામાં ન આવે તો બહુ જ મોટુ નુકશાન થઈ શકે તેમ હોય યોગ્ય કાર્યવાહી કરી આપવા મહે. કરશોજી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી સગરામભાઈ શામળભાઈ રબારીએ મૂળી પેટા વિભાગીય કચેરીમાં તા.૨૦.૦૭.૧૫ ના રોજ રસીદ નં.૮૭૩૩૭૨ થી રૂા.૨૦૦/– ભરીને, ખેતીવાડી હેતુ માટેનું વીજ કનેકશનનું રજીસ્ટ્રેશન કરાવેલ.

૨.૨ અરજદાર શ્રી સગરામભાઈ શામળભાઈ રબારી દવારા પલાસા સીમના સર્વે નં.૧૧૫/પૈકી ૨ માં વીજ કનેકશન માટે નિયત એ–૧ ફોર્મ ભરેલ, જેમાં અરજદારનું સરનામા માં :– મુ.પલાસા, તા.મૂળી દર્શાવેલ.

૨.૩ અરજદારનો પ્રાયોરીટી મુજબ વારો આવતાં તેઓએ દર્શાવેલ સરનામા ઉપર રજીસ્ટર એ.ડી.થી ફર્મ કોટેશન મોકલેલ, જે મૂળી પેટા વિભાગીય કચેરીમાં પરત મળેલ, જેથી અરજદારને ફર્મ કોટેશન (અંદાજપત્ર) મળેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી સગરામભાઈ શામળભાઈ રબારીએ તા.૨૦.૦૭.૧૫ ના રોજ ગામ–પલાસામાં ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ પરંતુ વાદી અરજદાર રહેવાસી દુધઈ ગામનાં છે.

૩.૨ પ્રતિવાદીએ વાદીને આપેલ અંદાજપત્ર વાદીને મળેલ નહી અને અંદાજપત્રનું કવર પ્રતિવાદીની ઓફીસને પરત મળેલ.

૩.૩ વાદીને અંદાજપત્ર મળેલ ન હોવાથી હુકમ કરવામાં આવે છે કે દિવસ–૭ માં વાદીએ માંગેલ વીજજોડાણનું અંદાજપત્ર તેમને મળે તે રીતે મોકલવું.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. રાજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૧.૦૬.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.